ગુજરાતી ભાષાના આદ્યકવિ
અચલગચ્છીય કવિ ચક્રવર્તી **શ્રી જયશેખર સૂરિ** કૃત

# ત્રિભુવન દીપક પ્રબંધ

## [ એક સંક્ષિપ્ત પરિચય ]

—**શ્રી રમણલાલ સી. શાહ M. A.**

વિક્રમના પંદરમા શતકના કવિ શ્રી જયશેખરસૂરિની પ્રતિભા ખરેખર એક મહાકવિની છે. મધ્યકાળના ગણનાપાત્ર ઉત્તમ કવિઓમાં તેમનું સ્થાન મહત્ત્વનું છે. એમણે ગુજરાતી ભાષા કરતાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં પોતાનું સર્જન વિશેષ આપેલું છે અને તેમાં જ મહાકવિની તેમની પ્રતિભાનાં આપણને દર્શન થાય છે. એમણે બાર હજાર શ્લોકથી અધિક પ્રમાણવાળી 'ઉપદેશ ચિંતામણિ' નામનો ગ્રંથ સંસ્કૃત–પ્રાકૃતમાં લખ્યો છે. આ ઉપરાંત એમણે 'ધમ્મિલચરિત મહાકાવ્ય' અને "જૈન કુમાર સંભવ" નામનાં બે મહાકાવ્યો લખ્યાં છે. એ મહાકાવ્યો જ એમની મહાકવિ તરીકેની સિદ્ધિનાં દર્શન કરાવવાને બસ છે. મહાકાવ્યો ઉપરાંત એમણે 'પ્રબોધ ચિંતામણિ,' 'શત્રુંજય તીર્થ દ્વાત્રિંશિકા,' 'ગિરનાર ગિરિદ્વાત્રિંશિકા,' 'મહાવીર જિનદ્વાત્રિંશિકા,' 'આત્માવબોધ કુલક' ઇત્યાદિ ગ્રંથોની રચના કરી છે. ગુજરાતીમાં એમણે પોતાના સંસ્કૃત રૂપક કાવ્ય 'પ્રબોધ ચિંતામણિ' પરથી 'ત્રિભુવન દીપક પ્રબંધ'ની રચના કરી છે.

જયશેખરસૂરિ અચલગચ્છના હતા. તેમના ગુરુ મહેન્દ્રપ્રભસૂરિ હતા. મેરુતુંગસૂરિ, મુનિશેખરસૂરિ તેમના ગુરુબંધુઓ હતા. જયશેખરસૂરિ પોતાના 'જૈન કુમાર સંભવ'ના અંતિમ શ્લોકમાં પોતાને 'વાણીદત્તવર' તરીકે ઓળખાવે છે. એમની સમર્થ કવિ–પ્રતિભાની કીર્તિ એમના જમાનામાં ચારે બાજુ એટલી બધી પ્રસરેલી હતી કે, બીજા કવિઓ એમની પાસે પ્રેરણા મેળવવા આવતા. માણિકયસુંદરસૂરિ, ધર્મશેખરસૂરિ, માનતુંગગણિ ઈત્યાદિ કવિઓની પ્રતિભા એમની છાયા નીચે જ ઘડાઇ હતી.

'ત્રિભુવન દીપક પ્રબંધ' જયશેખરસૂરિએ તત્કાલીન ગુજરાતી ભાષામાં રચેલી એક અત્યંત મહત્વપૂર્ણ કૃતિ છે. નરસિંહ પૂર્વેની ગુજરાતી કાવ્યકૃતિઓમાં અને વિશેષતઃ રૂપકના પ્રકારની કૃતિઓમાં આ 'ત્રિભુવન દીપક પ્રબંધ'નું સ્થાન ઘણું ઉચ્ચ કક્ષાનું છે. જયશેખરસૂરિએ 'પ્રબોધ ચિંતામણિ' નામનું રૂપક કાવ્ય સંસ્કૃતમાં રચ્યું અને સંસ્કૃત જાણનાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકોને એ એટલું બધું ગમી ગયું કે, તેનાથી પ્રોત્સાહિત થઈ, સંસ્કૃત ન જાણનારા સામાન્ય વર્ગ માટે એમને ગુજરાતી ભાષામાં એ કાવ્ય ઉતારવાનું મન થયું. મૂળ સંસ્કૃત કાવ્યની આ એક ખૂબી તેમણે આ ગુજરાતી કાવ્યમાં ઝીણવટથી ઉતારી છે.

રૂપક ગ્રંથિનો પ્રકાર આપણા સાહિત્યમાં અન્ય કાવ્ય પ્રકારોની તુલનામાં જોઈએ તેટલો ખીલ્યો નથી. આમ છતાં તેમાં જે થોડીક કૃતિઓનું સર્જન થયું છે, તે નોંધપાત્ર છે. સંસ્કૃત સાહિત્યમાં પંડિત કૃષ્ણ મિશ્ર કૃત નાટક 'પ્રબોધ ચંદ્રોદય,' 'માયા વિજય,' 'જ્ઞાન સૂર્યોદય,' 'જીવાનંદન,' 'પ્રબોધ ચિંતામણિ' ઈત્યાદિ કૃતિઓ રૂપક ગ્રંથિના પ્રકારની છે. અંગ્રેજી ભાષામાં કવિ બનિયનનું 'Pilgrim's Progress' એ રૂપક ગ્રંથિના પ્રકારનું એક સુપ્રસિદ્ધ કાવ્ય છે. ઉપરાંત પ્રેમાનંદ કૃત 'વિવેક વણઝારો,' જીવરામ ભટ્ટ કૃત 'જીવરાજ શેઠની મુસાફરી,' દલપતરામ કૃત 'હુન્નરખાનની ચડાઈ' કૃતિઓ રૂપક ગ્રંથિ તરીકે સુપરિચિત છે. આ ઉપરાંત જેમાં તન, મન, આત્મા ઈત્યાદિને માટે રૂપક યોજવામાં આવ્યાં હોય એવાં નાનાં નાનાં રૂપક કાવ્યો તો સંખ્યાબંધ લખાયાં છે.

રૂપક ગ્રંથિ અંગ્રેજી એલેગરીને મળતો પ્રકાર છે. તેમાં માણસનાં ગુણ, અવગુણ, સ્વભાવ, વિચારો, પ્રવૃત્તિઓ ઈત્યાદને હરતી ફરતી જીવંત વ્યક્તિ તરીકે કલ્પવામાં આવે છે અને એના સ્વાભાવિક વર્તન પ્રમાણે, એની વાર્તા ગૂંથવામાં આવે છે. આમાં રૂપકકારે મહત્ત્વની વસ્તુઓ ખ્યાલમાં રાખવાની હોય છે કે, દરેક પાત્રનું વર્તન એની સ્વભાવિક ખાસિયત પ્રમાણે જ બતાવવામાં આવ્યું હોય; એટલે કે, ઔચિત્યપૂર્ણ આલેખન એ જ એની મોટામાં મોટી ખૂબી, મોટામાં મોટી સિદ્ધિ અને મોટામાં મોટી કસોટી હોય છે. જે રૂપક ઔચિત્યપૂર્ણ આલેખન ધરાવતું નથી હોતું, તે વાંચવામાં વાચકને રસ પડતો નથી હોતો. રૂપક ગ્રંથિમાં જેમ વધારે પાત્રો અને જેમ એની કથા વધારે લંબાતી જાય, તેમ તેના કવિની કસોટી વધારે. એટલે જ દીર્ઘ સાતત્યવાળી રૂપક ગ્રંથિઓનું સર્જન કરવું એ એક કપરું કાર્ય મનાય છે. સામાન્ય વ્યવહારમાં 'સંસારસાગર,' 'માનવમહેરામણ,' 'જીવનનાવ,' 'કાલગંગા,' ઈત્યાદિ શબ્દરૂપકો આપણે પ્રયોજીએ છીએ. પરંતુ એક આખી રૂપક ગ્રંથિની વાર્તાસૃષ્ટિ કેવી હોય છે, તે 'ત્રિભુવન દીપક પ્રબંધ'ની કથા પરથી વધારે સ્પષ્ટ સમજાશે. એ કથા આ પ્રમાણે છે:

**પરમહંસ** નામનો એક અત્યંત તેજસ્વી રાજા ત્રિભુવનમાં રાજ્ય કરે છે. તેની રાણીનું નામ **ચેતના** છે. રાજા અને રાણી બન્ને આનંદપ્રમોદમાં પોતાનો સમય પસાર કરે છે. કવિ લખે છે:



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેજવંત ત્રિહુભુવન–મઝારિ, પરમહંસ નરવર અવધારિ;
જેહ જપતાં નવિ લાગઈ પાપ, દિન દિન વાધઈ અધિક પ્રતાપ.
બુદ્ધિ મહોદધિ બહુ બલવંત, અકલ અજેઉ અનાદિ અનંત;
ક્ષણિ અમરગણિ ક્ષણિ પાયાલિ, ઈચ્છાં વિલસઈ તે ત્રિહુકાલિ.

.... .... .... ....

રાણી તાસુ ચતુર ચેતના, કેતા ગુણ બોલઉં તેહના ?
રાઉ રાણી બે મનનઈ મેલિ, ફિરિ ફિરિ કરઈ કુતૂહલ કેલિ.

એક વખત રાજા પરમહંસનું મન **માયા** નામની રમણીના રૂપમાં લપટાય છે. એ વખતે રાણી ચેતના રાજાને માયાનો સંગ ન કરવા સમજાવે છે અને ચેતવે છે કે, માયાના મોહમાં પડવાથી તેઓ પોતાનું રાજ્ય ગુમાવી સંસારમાં પડશે. પરંતુ રાજા તે માનતો નથી, એટલું જ નહિ, માયાના મોહમાં રાજા પોતાની રાણી ચેતનાનો પણ ત્યાગ કરે છે. પરિણામે, રાજા ત્રિભુવનનું રાજ્ય ચાલ્યું જાય છે. રાજા **કાયાનગરી** વસાવી તેમાં સંતોષ માને છે.

રાજા પોતે પોતાની આ કાયાનગરીનો વહીવટ પોતાના **મન** નામના અમાત્યને સોંપે છે. પરંતુ દુષ્ટ વૃત્તિવાળો મન રાજાને બંધનમાં નાખી, જેલમાં પૂરી પોતે રાજા થઇ બેસે છે અને આખા રાજ્યને ધૂળધાણી કરી નાખે છે. હવે રાજા પરમહંસને રાણી ચેતનાની શિખામણ ન માનવાને લીધે પશ્ચાતાપ થાય છે. પરંતુ, અત્યારે તેને કોઇ છોડાવનાર નથી.

મનને **પ્રવૃત્તિ** અને **નિવૃત્તિ** નામની બે પત્ની છે. પ્રવૃત્તિનો પુત્ર તે **મોહ** અને નિવૃત્તિનો પુત્ર તે **વિવેક.** પ્રવૃત્તિ મનને વશ કરી લે છે અને એને સમજાવી નિવૃત્તિ તથા તેના પુત્ર વિવેકને દેશવટો અપાવે છે અને પોતાના પુત્ર મોહને રાજ્ય અપાવે છે. મનનો પુત્ર મોહ હવે **અવિદ્યા નગરી** સ્થાપી ત્યાં રાજ કરે છે. આ અવિદ્યા નગરી કેવી છે ? કવિ વર્ણવે છે :

અવિદ્યા નગરી, ગઢ અજ્ઞાન, તૃષ્ણા ખાઈ મોહું માન;
કદાચારુ કોસીસાંઉલિ, ચ્યારિઈ દુર્ગતિ વહિતી પોલિ.
વિષયવ્યાપ વારુ આરામ, મંદિર અશુભાં મન પરિણામ;
કામાસન જે કહિયાં પુરાણિ, ચઉરાસી ચહુટાં તે જાણી.
ભૂરિ ભવંતર સેરી હુઈ, કૂડબુદ્ધિ તે ઘરિ ઘરિ કુઈ;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મમતા પાદ્રતણી રખવાલિ, કુમત સરોવર મિથ્યા પાલિ;
નિર્વિચારુ નિવસઇં તિહાં લોક, થોડઇં ઉચ્છવ થોડઇં શોક.

મોહની રાણીનું નામ **દુર્મતિ** છે. એના પુત્રો તે **કામ, રાગ** અને **દ્વેષ** છે. એની પુત્રીઓ તે **નિદ્રા, અધૃતિ** અને **મારિ** (હિંસા) છે.

મોહનઈ રાણી દુર્મતિ નામ, બેટઉ બલવંત જેઠઉ કામ;
રાગ, દ્વેષ બે બેટા લહૂય, નિદ્રા, અધૃતિ, મારિ એ ધૂઅ.

પોતાને રહેવા માટે અનુકૂળ સ્થળ ન મળતાં મનની પત્ની નિવૃત્તિ અને તેનો પુત્ર વિવેક **પ્રવચનપુરી**માં **શમ** અને **દમ** નામનાં વૃક્ષોની છાયામાં બેસે છે. ત્યાં કુલપતિ **વિમલબોધને** વંદન કરી પોતાના સુખનો પ્રશ્ન કરે છે. વિમલબોધ પોતાની પુત્રી **સુમતિને** વિવેક સાથે પરણાવવાની વાત કરે છે, અને પ્રવચન નગરીના રાજા **અરિહંતરાયને** પ્રસન્ન કરીને એમની પાસેથી કંઇ કાર્યસિદ્ધિ મેળવવા સૂચવે છે. નિવૃત્તિ અને વિવેક તે પ્રમાણે કરે છે. વિવેક પ્રવચન નગરીમાં વસી અરિહંતરાયની આજ્ઞા મુજબ કાર્ય કરી તેમને પ્રસન્ન કરે છે. અરિહંતરાય વિવેકને **પુણ્યરંગ-પાટણ** નામની નગરીનો રાજા બનાવે છે. વળી સાથે સાથે એને એમ પણ સમજાવે છે કે, જો વિવેક પોતાની પુત્રી **સંયમશ્રી** સાથે લગ્ન કરશે તો દુશ્મનદળનો સહેલાઇથી નાશ કરી શકશે. પરંતુ વિવેક બે સ્ત્રીના પતિ થવાની પોતાની ઇચ્છા નથી એમ કહે છે:

હઉં કિમ પરણઉં સંયમસિરિ ? ઈક છઈ આગઈ અંતેઉરી;
નીદ્ર ન સૂઈ ભૂષ ન જિમઈ, કલિ-ભાગઉ ઘર બાહિર ભમઈ.
જીણંઈ નારી દોઈ પરિગ્રહી, દોઈ ભવ વિણઠા તેહના સહી;
બિ કીજંઈ જઈ કિમઈ કલત્ર, મનસા હોઈ સહી વિચિત્ર;
ઈક આંધી ઈક પાછી કરઈ, તિણિ પાપિ નર ગૂડા ભરઈં.
એક ઘરણિ તાં ઘરની મેઢિ, બીજી હુઈ તઉ વાધી વેઢિ;
બિહુંનઉં મન છાચરતું રુલઈ, પચ્છઈ પચ્છતાવે બલઈ.

દિવસે દિવસે વિવેકના રાજ્યનો જેમ જેમ વિસ્તાર અને પ્રભાવ વધતો જાય છે, તેમ તેમ તેના સમાચારથી મોહ રાજા ક્ષોભ અનુભવે છે. તે પોતાના **દંભ** નામના એક ગુપ્તચર દ્વારા વિવેકની પોતાના રાજ્ય ઉપર આક્રમણ કરવાની ઇચ્છા જાણી લે છે. એટલે તે પોતાના પુત્ર **કામને** પુણ્યરંગ નગરી ઉપર આક્રમણ કરી વિવેક સાથે યુદ્ધ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા મોકલે છે. કામ જ્યાં જાય ત્યાં દરેકમાં કામવાસના જાગૃત કરતો બધાને વશ કરવા લાગે છે. આવે વખતે જો તે સંયમશ્રી સાથે લગ્ન નહિ કરી લે તો કામ પોતાને પણ વશ કરી લેશે, એવો ભય લાગવાથી વિવેક પોતાની નગરી છોડી પ્રવચન નગરીમાં જાય છે. એની પાછળ બીજા પણ ઘણા નગરી છોડી ચાલ્યા જાય છે. જે લોકો પુણ્યરંગ નગરીમાં રહ્યા હતા હતા, તેઓ બધા કામવશ બની ગયા. એ રીતે કામે પોતે વિજય મેળવ્યો પરંતુ વિવેક પર વિજય ન મેળવાયો, એટલો એનો વિજય અપૂર્ણ હતો.

વિવેક પ્રવચન નગરી જઈ સંયમશ્રી સાથે લગ્ન કરે છે. એ પ્રસંગે ત્યાં મોટો ઉત્સવ થાય છે. કવિ વર્ણન કરે છે :

પહિલું થિરુ વન થિર હૂઆં એ, જણુ દીજઇં બીડાં જૂજૂઆં એ;
લેઈ લગન વધાવિઉં એ, વિણુ તેડા સહૂઈ આવિઉં એ.
ગેલિહિં ગોરડી એ, પકવાને ભરિઇં ઓરડીએ;
ફૂલંકે ફિરઇં એ, વરવયણિ અમીરસ નિતું ઝરઇં એ.

.... .... .... ....

સંયમસિરિ જગદૂહલી, પ્રિય પેખી ગુણનિધિ ગહગહીએ;
પુહતઉ મંડપ સાસરઈ એ, વર બઇઠઉ પ્રવચન–માહરાઈ એ.

સંયમશ્રી સાથે લગ્ન કરીને **તપ** નામનાં હથિયારો સાથે મોટું સૈન્ય સજ્જ કરીને વિવેક મોહ રાજા પર આક્રમણ કરે છે. બન્ને વચ્ચે યુદ્ધ થાય છે. તેમાં મોહનું સૈન્ય હારી જાય છે અને મોહ પોતે યુદ્ધમાં માર્યો જાય છે. પોતાના પુત્ર મોહના અવસાનથી મન અને એની પત્ની પ્રવૃત્તિને ઘણું દુઃખ થાય છે. પરંતુ પોતાના બીજા પુત્ર વિવેકના સમજાવવાથી મન ઇંદ્રિયોને જીતી ધ્યાનરૂપી અગ્નિમાં પ્રજ્વલિત થાય છે. વિવેકે પોતાના પિતા મનને આપેલો ઉપદેશ આ પ્રમાણે છે :

પાઈ લાગિય, પાઈ લાગિય, વલિ સુવિવેક;
ખાસણુ દિઈસી તુમ્હી તાત ! સી કિસિઉં મંડિઉં ?
પરમેસર અણુસરઉ, મોહતણઉ અંદોહ છંડિઉ.
સમતા સઘલી આદરઉ, સમતા મુંકઉ દૂરિ;
ચ્યારી હણી, પાંચઈ જિણી, ખેલઉ સમરસ પૂરિ.
એક અક્ષર, એક અક્ષર અછઈ ૐ કાર;
તિણિ અક્ષરિ થિર થઈ રહઉ, પામઉ પરમાનંદ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(મોહનો અંદોહ છોડી પરમેશ્વરને અનુસરો, સઘળે સમતા આદરો, મમતા દૂર કરો, ચાર કષાયોને હણી, પાંચ ઇંદ્રિયોને જીતી સમરસના પૂરમાં ખેલો અને એક ૐ કાર અક્ષરમાં સ્થિર થઈ રહી પરમાનંદ પામો.)

વિવેક આમ, જ્યારે મોહનો પરાજય કરી રાજ્ય પાછું મેળવે છે, ત્યારે ચેતના રાણી અજ્ઞાતવાસમાંથી બહાર આવી વિવેકની મદદ વડે પરમહંસ રાજાને કાયાનગરીના અને માયાના બંધનમાંથી મુક્ત કરાવે છે. એ રીતે પરમહંસ રાજા ફરી ત્રિભુવનનું રાજ્ય કરવા લાગે છે.

આમ, આ રૂપકકાવ્યમાં જયશેખરસૂરિએ રૂપક દ્વારા આત્મા, ચેતના, માયા, મન, પ્રવૃત્તિ, મોહ, વિવેક, દુર્મતિ, સુમતિ, સંયમશ્રી, કામ, રાગ, દ્વેષ વગેરેનાં સ્વરૂપ અને રહસ્ય સુંદર રીતે સમજાવ્યાં છે. આખી રૂપક–વાર્તામાં એનું સાતત્ય, સુસંગતિ અને ઔચિત્ય પૂરેપૂરાં જળવાયાં છે.

આ કાવ્ય માટે સ્વ. કેશવલાલ ધ્રુવ લખે છે: "કવિની પ્રતિભા વસ્તુની ગૂંથણીમાં, પાત્રની યોજનામાં અને રૂપકની ખિલવણીમાં એકસરખી વિજયશાળી નીવડે છે. કાર્યનો વેગ તથા સંવિધાનનું ચાતુર્ય વાંચનારનું કૌતુક છેવટ સુધી ટકાવી રાખે છે."

પંડિત લાલચંદ્ર ગાંધીએ કેટલાંક વર્ષો પહેલાં આ કૃતિનું સંશોધન–સંપાદન કરી તેને મધ્યકાળની એક ગણનાપાત્ર કૃતિ તરીકે ઓળખાવી છે.

* * *

संबुज्झह किं न बुज्झह, संबोही खलु पेच्च दुल्लहा ।
नो हुवणमंति राईओ, नो सुलभं पुणरावि जीविअं ॥

— श्री सूयगडांग

હે વત્સ! સમ્યગ્ બોધ પામો, કેમ બોધ પામતા નથી? (દુર્લભ માનવ ભવ પ્રાપ્ત થવા છતાં પણ મોક્ષ માર્ગમાં જાગૃત કેમ થતા નથી?) ભવાંતરમાં મોક્ષ માર્ગની સાધના લભ્ય થવી મુશ્કેલ છે. યાદ રાખો કે, ગયો વખત પાછો આવતો નથી તથા સંયમ – જીવન પાછું સુલભ નથી. તૂટેલું આયુષ્ય પાછું સંધાતું નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org